ઇ-ધરા વ્યવસ્થાપનઃ હુકમ કરનાર અધિકારી દ્વારા હુકમી ફેરફાર નોંધો દાખલ કરવા બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ એલઆરસી/૧૦૨૦૧૬/૦૮/૦૧/એસએમસી
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૨/૧૧/૨૦૧૬

પરિપત્રઃ

ઇ-ધરા વ્યવસ્થાપન અંતર્ગત સને-૨૦૦૪ થી જમીનના મહેસૂલી રેકર્ડને કમ્પ્યુટરાઇઝ્ડ કરી તબક્કાવાર સમગ્ર રાજ્યના તમામ તાલુકાઓમાં ઓનલાઇન કરી ઓનલાઇન મ્યુટેશનની કામગીરી કાર્યરત કરવામાં આવી છે. જે અન્વયે સમગ્ર રાજ્યમાં સને-૨૦૦૪ થી જમીન હક્કો પરત્વેના તબદિલીના વ્યવહારોની હસ્તલિખિત કામગીરી બંધ કરી ઓનલાઇન મ્યુટેશનની કામગીરી હાથ ધરાઇ છે. કમ્પ્યુટરાઇઝ્ડ ગામ નમૂના નંબર-૬, ૭, ૮/અ તથા ૧૨ ની અધિકૃત નકલો ઇ-ધરા (તાલુકા)કક્ષાએથી તથા ઇ-ગ્રામ (ગ્રામ્ય) કક્ષાએથી પ્રજાજનોને આપવાની કામગીરી પણ ચાલુમાં છે. સમગ્ર રાજ્યની જમીનોના રેકર્ડને ઇન્ટરનેટના માધ્યમથી નિહાળી પણ શકાય છે. તદ્ઉપરાંત રાજ્યના તમામ ખેડૂત / ખાતેદારો પોતાની જમીનના અદ્યતન રેકર્ડની જાણકારી મેળવી શકે તે માટે રાજયના તમામ ખેડૂત / ખાતેદારોને વર્ષમાં એકવાર ગામ નમૂના નંબર ૭ તથા ૮/અ ની કમ્પ્યુટરાઇઝ્ડ નકલો વિના મુલ્યે વિતરણ કરવાની પણ કાર્યવાહી કરવામાં આવે છે.

જમીનના હક્કોની તબદિલીના વ્યવહારો માટે થતા અર્ધન્યાયિક હુકમો, દીવાની કોર્ટ, નામદાર હાઇકોર્ટ / સુપ્રીમકોર્ટના હુકમોને મહેસૂલ વિભાગના ઠરાવક્રમાંકઃ એલઆરસી/૧૦/૨૦૧૫/૨૪૪૩૯૧/હ.૨ તા.૨૪/૦૪/ ૨૦૧૫ ના ઠરાવથી ઇ-ધરા અંતર્ગત ગામ નમૂના નંબર-૬ (હક્કપત્રક)માં હુકમ કરનાર મહેસૂલી અધિકારી / કચેરીના નિયત અધિકૃત અધિકારીઓ દ્વારા હુકમી ફેરફાર નોંધ સીધી રીતે ઇલેક્ટ્રોનિક રીતે દાખલ કરવા સૂચનાઓ આપવામાં આવેલ છે. પરંતુ તેની અમલવારી થતી ન હોવાનું ધ્યાન પર આવેલ છે. આ બાબતો ધ્યાને રાખી નીચે પ્રમાણેની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

જે હુકમોની અમલવારી ગામ નમૂના નંબર-૬ માં કરવાની રહેતી હોય, તેવા તમામ હુકમો માટેની ફેરફાર નોંધો હુકમ કરનાર અધિકારીએ ફરજીયાત રીતે ઓનલાઇન દાખલ કરવાની રહેશે. ત્યારબાદ ની બધી જ પ્રક્રિયા તા.૨૪/૦૪/૨૦૧૫ ના ઠરાવ મુજબ કરવાની રહેશે. ખાસ કરીને નીચે જણાવેલ વિષયની હુકમી નોંધો બિન-ચૂક દાખલ કરવા અમલવારી

કરવાની રહેશે. અને મહેસૂલી અધિકારી દ્વારા જ નોંધો દાખલ કરવાની રહેતી હોઇ સંબંધિત અરજદારે નોંધ દાખલ કરાવવાની કાર્યવાહી કરવાની રહેશે નહી.

(૧) જમીન ફાળવણી
(૨) બિનખેતી
(૩) શરતબદલી
(૪) સરવે સુધાર
(૫) જમીન ખાલસા
(૬) લીઝ ભાડાપટો
(૭) પ્રમોલગેશન
(૮) આરટીએસનો હુકમ
(૯) જમીન સંપાદનના વિવિધ હુકમો

હાલના તબક્કે નીચે જણાવેલ કચેરીઓ દ્વારા ઉપરોક્ત ફેરફાર નોંધો ફરજીયાત સીધી દાખલ કરવાની રહેશે.

(૧) એસએસઆરડી
(૨) કલેક્ટર કચેરી
(૩) પ્રાન્ત અધિકારી
(૪) મામલદાર કચેરી
(૫) જિલ્લા પંચાયત કચેરી (જિ.વિ.અ. તથા ના.જિ.વિ.અ.)
(૬) તાલુકા પંચાયત (તા.વિ.અ.)
(૭) જમીન સંપાદક સંસ્થાઓ
(૮) જમીન સંપાદન અધિકારીઓ
(૯) ડીઆઇએલઆર

૧. તા.૦૧/૦૪/૨૦૧૭ થી હુકમ કરનાર હુકમી અધિકારીએ જ નોધો દાખલ કરવાનું ફરજિયાત છે. તથા તા.૦૧/૦૧/૨૦૧૭ પહેલાં જે હુકમો થયેલ હોય તેની ફેરફાર નોંધો પણ ફરજ પરના અધિકારીએ દાખલ કરવાની રહેશે.

૨. તા.૦૧/૦૪/૨૦૧૭ પહેલાં પ્રાદેશિક ફેરફાર થતાં જિલ્લા / તાલુકા વિભાજન થતાં પહેલાંની ફેરફાર નોંધો હાલ જે જિલ્લા / તાલુકા અમલમાં હોય તે સંબંધિત અધિકારીએ દાખલ કરવાની રહેશે. દાત. સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના કોઇ ગામના મહેસૂલી રેકર્ડ માટે કોઇ હુકમ થયેલ હોય અને વિભાજન પછી બાયડ તાલુકાનો

અરવલ્લી જિલ્લામાં સમાવેશ થયેલ હોય તો તેવી ફેરફાર નોંધ અરવલ્લી જિલ્લાના સંબંધિત અધિકારીએ દાખલ કરવાની રહેશે.

૩. તા.૦૧/૦૪/૨૦૧૭ પછી આવી ફેરફાર નોંધો ઇ-ધરા કેન્દ્રોમાં દાખલ કરવાનું પ્રયોજન રહેતુ ન હોવાથી ઇ-ધરા કેન્દ્ર પર આધાર રાખવાનો રહેતો નથી.

૪. રાજ્યના તમામ સંબંધિત મહેસૂલી અધિકારીઓએ આવી ફેરફાર નોંધો દાખલ કરવા એનઆઇસી કચેરી પાસેથી લોગઇન આઇ-ડી તથા પાસવર્ડ મેળવી લેવાના રહેશે.

૬. તા.૦૧/૦૪/૨૦૧૭ પછી વિવિધ પ્રકારની હુકમી નોંધો ઇ-ધરા કેન્દ્ર ખાતે દાખલ કરી શકાશે નહીં, પરંતુ સંબંધિત હુકમ કરનાર અધિકારીની કચેરી મારફતે દાખલ કરી શકાય તેવો ઇ-ધરા એપ્લીકેશનમાં સુધારો કરવા એન.આઇ.સી.એ વ્યવસ્થા કરવાની રહેશે.

આમ, તા.૦૧/૦૪/૨૦૧૭ થી હુકમ કરનાર હુકમી અધિકારી દ્વારા જ નોધો દાખલ કરવાની પધ્ધતિ અમલમાં આવે છે. તે પ્રમાણે વ્યવસ્થા ઇ-ધરાની એપ્લીકેશનમાં જોગવાઇ એનઆઇસી, ગાંધીનગરએ કરવાની રહેશે

આમ, ઉપર્યુકત સૂચનાઓનો ચૂસ્તપણે અમલ થાય તે નિશ્ચિત કરવાનું રહેશે.

22/11

પ્રોજેક્ટ ઓફીસર
સ્ટેટ મોનીટરીંગ સેલ, લેન્ડ રેકર્ડ કમ્પ્યુટરાઇઝેશન
મહેસૂલ વિભાગ, ગાંધીનગર

પ્રતિ,

કલેકટરશ્રી (તમામ)

નકલ સાદર રવાના:

- મહેસૂલ તપાસણી કમીશનરશ્રી, ગાંધીનગર
- સીઆઇઓ, એનઆઇસી, ગુજરાત સ્ટેટ સેન્ટર, ગાંધીનગર